

બાળમજૂરી નાબુદ કરો, કુપોષણ દૂર કરો જેવા ભારે ભરખમ શબ્દો બનાવી સમાજના કહેવાતા ઠેકેદારો રોજ હોબાળો મચાવે છે. જ્યારે વાસ્તવિકતા તો કંઈ ઓર જ છે. કંઈ કેટલાય બાળકો આવુ રઝળાપટીયુ જીવન જીવે છે. તેને સુધારવાનું કામ ક્યારે કોણ કરશે તે જવાબ છે કોઈ પાસે ? (તસવીર : કશ્યપ નિમાવત)

# સંતાનમાં માત્ર દીકરી ધરાવતા પરિવારનું જેસીઆઈ દ્વારા જાહેર સન્માનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭

સંતાનમાં માત્ર એક અથવા બે દીકરી ધરાવતા મા-બાપ, અને પુત્રનો ભેદભાવ રાખ્યા વગર લાડકોડથી સર્વાંગી વિકાસ કરાવી ‘કન્યાદાન’ની ઈચ્છા ધરાવતા પરિવાર માટે જેસીઆઈ ગાંધીનગર દ્વારા એક ‘દીકરી વ્હાલનો દરિયો’ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે દિનાંક ૨૪ મે ના રોજ સાંજે ત્રણ કલાકનો ગીત-સંગીત મઢ્યો અને સમાજના દીકરી ધરાવતા શ્રેષ્ઠીઓના આશિર્વચનનો કાર્યક્રમ યોજાયો છે. જેમાં જેમને સંતાનમાં માત્ર એક અથવા બે દીકરી હશે એમનું જાહેર સન્માન કરાશે. માત્ર ગાંધીનગરમાં જ વસતા આ પરિવારો એમની દીકરીના નામ, મા-બાપની વિગત, રહેઠાણનુ સરનામુ, સંપર્ક નંબર સાથેની વિગત એ/૩૦૩, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, કુડાસણ ખાતે મોકલાવી દેવાની રહેશે.

આ કાર્યક્રમમાંથી દાન મેળવીને ગાંધીનગરની રક્તપિત્ત કન્યાઓને આ સમગ્ર રકમ આપવી એવો ઉદાર સંકલ્પ જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કેતન ભાવસારે કર્યો છે. વધુ વિગતો માટે પ્રોજેક્ટ કૉ. આર્ડીનેટર રૂચિતા શાહ-૯૮૨૪૫-૭૮૪૦૫, સાત્વિક ત્રિવેદી-૯૯૨૪૬-૯૯૨૪૭ અને કેતન ભાવસાર-૯૮૨૪૩-૩૯૬૯૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

‘દીકરી વ્હાલનો દરિયો’ ના નવતર પ્રયોગમાં સૌ હોંશભેર જોડાય અને દીકરી વધાવો અભિયાનને વેગ મળે એ માટેના જેસીઆઈના પ્રયત્નને બિરદાવે એવી અપેક્ષા સેવાય છે.

# ‘વાઈ’ આવતા ઢળી પડેલા પિતા માટે ૧૦૮ની સારવાર લેવાનો પુત્રે ઈન્કાર કર્યો

## ગાંધીનગર એસટી ડેપો પર સવારે બનેલી ઘટનાથી હાજર તમામ લોકો દિગ્મૂઢ

ગાંધીનગર, તા. ૭

આજે સવારે ગાંધીનગર એસટી ડેપો પર ચિલોડા દહેગામ તરફ જતી બસના પ્લેટફોર્મ પાસે એક આધેડ વ્યક્તિને ‘વાઈ’ આવવાથી અચાનક પડી ગયો હતો. હાજર લોકોમાંથી કોઈએ ૧૦૮ને બોલાવી પરંતુ આ વ્યક્તિના પુત્રએ સારવાર લેવાનો ઈન્કાર કરી દેતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યુ હતુ.

એસટી ડેપોની કેન્ટીન પાસે આવેલા ચિલોડા-દહેગામ તરફ જવાના પ્લેટફોર્મ પાસે આજે સવારે લગભગ-૯.૩૦ વાગ્યાના સુમારે વાવોલ ગામના કમલેશ ઠાકોર (ઉં.વ.આશરે ૩૫)ને ‘વાઈ’ નો હુમલો આવતા એકાએક તેમની તબિયત લથડી ગઈ હતી. તેમની સાથે તેમનો પુત્ર અને તેનો એક મિત્ર હતો. તેમણે તેમને સંભાળવાની કોશીષ કરી અને ત્યાં સુધીમાં તેમની આસપાસ લોકોનું ટોળુ જમા થઈ ગયું હતું. ટોળામાંથી કોઈએ તુરંત જ ૧૦૮ને ફોન કરતા ગણતરીની મિનિટોમાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ગઈ હતી અને ફરજ પરના ડૉ. અમિત પટેલે દર્દીને સારવાર આપવા પ્રયત્ન કર્યો હતો અને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવા જણાવ્યું હતું.





(તસવીર : સમીર રામી)

બધાના આશ્ચર્યની વચ્ચે કમલેશ ઠાકોરના પુત્રએ તેના પિતાને થોડીવારમાં સારૂ થઈ જશે તેવુ કહી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ કે અન્ય જગ્યાએ જવાનો ઈન્કાર કરી દીધો હતો. તેણે તેના પિતાને સ્થળ પર પણ સારવાર આપવા દીધી નહોતી. આથી આસપાસ ઉભેલા લોકો તેની પર ગુસ્સે ભરાયા હતા, પરંતુ તે લોકોની પરવા કર્યા વગર તેના પિતાને અર્ધભેભાન હાલતમાં લઈને ચાલતો થઈ ગયો હતો.

આ જોઈ તમામ લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સના ડૉ. અમિત પટેલે અને પાયલોટ દિનેશ દેવડાએ પણ સારવાર લેવા ખૂબ સમજાવ્યો હતો છતાં તે માન્યો ન હતો. લોકો પણ એક પુત્રના પિતા તરફના શંકા-કુશંકા કરવા લાગ્યા હતા. જો કે હાજર તમામ લોકોએ ૧૦૮ના સ્ટાફને તેમના પ્રયત્નો બદલ બિરદાવ્યા હતા.



(તસવીર : સમીર રામી)

## ઓવર લોડીંગ રીક્ષા ટેક ઓફ માટે તૈયાર

આજે સેક્ટર-૫ નજીક રોડ નં. ૩ પર બપોરના સુમારે એક ઓવરલોડીંગ ગુડ્ઝ રીક્ષાના ચાલકે વધુ પડતા લોડના કારણે કાબુ ગુમાવતા તેની આગળ જઈ રહેલી વાવોલ તરફ જતી પેસેન્જર શટલ રીક્ષાને પાછળથી ટક્કર મારી હતી. આ ટક્કરને કારણે લોડીંગ રીક્ષા જાણે ‘ટેક ઓફ’ કરતી હોય તેમ આગળથી ઉંચકાઈ ગઈ હતી. પેસેન્જર રીક્ષામાં પણ ઢાંસી ઠાંસીને મુસાફર ભર્યા હતા પરંતુ સદ્ભાગ્યે કોઈને ગંભીર ઈજા થઈ નહોતી.

# ગાંધીનગરને પાટનગરને છાજે તેવી રેલવે સુવિધાઓ અપાવવા વસાહત મહામંડળની ઉગ્ર લડત

## નવી ૧૧ યુનિવર્સિટીઓ, લશ્કર-એરફોર્સ-નેવીના વધુ કમાન્ડ આવી રહ્યા હોઈ ‘ડી’ કલાસ દરજ્જો સુધારવા માંગ : ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને રાજય સરકારને પણ લડતમાં સાથ આપવા અનુરોધ : અન્ય રાજયોના પાટનગર જેટલો દરજ્જો મળવો જોઈએ તે ગાંધીનગરનો હક્ક છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એ ગુજરાત રાજયનું પાટનગર હોવા છતાં દેશના અન્ય રાજયોના પાટનગરોને રેલવે ખાતા તરફથી મળતી સુવિધાઓ કે દરજ્જો મળતો નથી. આગામી સમયમાં ગાંધીનગરમાં ૧૧ નવી યુનિવર્સિટીઓ ઉપરાંત લશ્કરની પાંખ એરફોર્સ, વેસ્ટર્ન કમાન્ડ અને નૌકાદળનું હેડકવાટર્સ પણ આવી રહ્યું હોવા છતાં અહીં રેલવે સ્ટેશનને ‘ડી’ કલાસનો જ દરજ્જો આપી સુવિધાઓથી વંચિત રખાયું છે. ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ગાંધીનગરના રેલવે સ્ટેશનને પણ અન્ય રાજયોના પાટનગર જેવો દરજ્જો અને સુવિધા આપવા રજૂઆતો કરી છે.

ગુજરાત રાજયની આ પાટનગરીને માત્ર ગણતરીના જ મહિનામાં ૫૦ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે, પરંતુ આ પાટનગરના રેલવે સ્ટેશનને હજુ પણ કેપિટલ સીટીના રેલવે સ્ટેશનનો દરજ્જો મળ્યો નથી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ અધિકાર અપાવવા અવાજ ઉઠાવે તે માટે હાકલ કરવામાં આવી છે. આ દરજ્જાના હક્ક માટે મહામંડળે પહેલ કરતા વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરને પત્ર લખીને ચિંતા વ્યકત કરી છે.

વસાહત મહામંડળ દ્વારા જયારે વેસ્ટર્ન રેલ્વેના અમદાવાદ ડીવીઝનના મેનેજરને આ બાબતે રજૂઆત કરી ત્યારે તેમણે ગાંધીનગર ‘ડી’ કલાસના સ્ટેશનોની યાદીમાં આવે છે તેથી મર્યાદિત સુવિધાઓ જ મળશે તેવી વાત કરી હતી. આગામી સમયમાં ગાંધીનગરમાં ૧૧ નવી યુનિવર્સિટીઓ ઉપરાંત ભારતીય લશ્કરની પાંખ, એરફોર્સ વેસ્ટર્ન કમાન્ડ અને નૌકાદળનું હેડકવાટર્સ ગાંધીનગર આવી રહ્યા હોઈ અનેકગણી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કર્મચારીથી નગર ઉભરાવાનું છે હાલમાં જ ગાંધીનગર ૭૦ હજાર વિદ્યાર્થીઓને શિક્ષણ પુરું પાડતું નગર છે છતાં શહેરને યોગ્ય રેલવે સુવિધાઓનો અભાવ નડી રહ્યો છે.

ગાંધીનગર શહેર વિકાસ સત્તા મહામંડળે ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ અને રાજય સરકારને પણ આ બાબતે રજૂઆત કરવા રજૂઆતો કરી હતી. આ ઉપરાંત અત્યારના રેલવે સ્ટેશને કોચ ઈન્ડીકેટર, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, ટ્રેન સમય બતાવતી વ્યવસ્થા અને ખાણીપીણીના સ્ટોલની વ્યવસ્થા અંગે જે એજન્સી કામ કરતી નથી તેમને માત્ર દંડ કર્યા વગર ઝડપથી કાર્ય પુરું કરાવવા વિનંતી કરી હતી.

## સે. ૨૪ અંબાજી માતાનો ૧૫મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૭

શિવમ ધાર્મિક સેવા ટ્રસ્ટ સેક્ટર-૨૪ ખાતે અંબાજી માતાનો ૧૫મો પાટોત્સવ ઉજવાશે. તા. ૯-મે શુક્રવાર શુભ દિને સવારે ૯.૦૦ વાગે શોભાયાત્રા નિકળશે અને રાત્રે ૮.૦૦ વાગે આઈ આરાધના કરવામાં આવશે. અને તા. ૧૦-મે શનિવાર સવારે ૯ વાગે નવચંડી યજ્ઞ કરવામાં આવશે. આ નવચંડી યજ્ઞમાં સાંજે ૫.૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. તેમજ યજ્ઞની પૂર્ણાહુતી બાદ સાંજે ૬.૦૦ વાગે ભોજન પ્રસાદ લેવામાં આવશે.

# સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન

નિસર્ગ સાયન્સ સેન્ટર સે-૨૩ ખાતે વેકેશન વિજ્ઞાન સંગ સાયન્સ ટેલેન્ટ વર્કશોપ કાર્યક્રમ યોજવામાં આવશે. વર્કશોપમાં વિજ્ઞાનલક્ષી માહિતી આપવામાં આવશે. ૧૦ થી ૧૬ વર્ષના બાળકો ભાગ લઈ શકશે.

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વેકેશન વિજ્ઞાન સંગ સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજવામાં આવશે. તા. ૧૪મેથી તા. ૨૨મે સુધી સવારે ૯ થી ૧૨ કલાકે નિસર્ગ સેન્ટર ખાતે વર્કશોપ યોજવામાં આવશે. જેમાં ૧૦ થી ૧૬ વર્ષના બાળકો જોડાઈ શકશે. ટેલેન્ટ વર્કશોપમાં બાળકોને વિજ્ઞાનના વિવિધ મોડેલો પર જાણકારી આપવામાં આવશે. મોડેલ રોકેટરી, ઓરીગામી, ટેનગ્રામ, એરોમોડેલીંગ, સાયન્સ મેજીક, ભૌમિતિક આકારો બનાવવા, સાયન્સ મોડલ મેકીંગ, હોલી ઈલેકટ્રોનિકસ સહિતની જાણકારી આપવામાં આવશે. આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છુક બાળકોએ વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૨ મે સુધી કો ઓર્ડિનેટર હાર્કિદ મકવાણા ૯૪૨૬૪ ૫૧૧૦૨ અને શિવાંગ પટેલ ૯૦૯૯૩ ૮૨૯૩૦ પર સંપર્ક કરી નામ નોંધાવવાનું રહેશે.

## સે. ૩૦માં શિવકથાનું આયોજન કરાયુ

ગાંધીનગર, તા. ૭

શિવકથા સમિતિ સેક્ટર૩૦ ગાંધીનગર દ્વારા શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૧ મે થી તા. ૧૮ મે દરમિયાન રાત્રે ૮ થી ૧૧ વાગે સેક્ટર-૩૦ ગુજરાત હાઉસીંગ બોર્ડના હોલીચોક ખાતે યોજવામાં આવશે. શિવ મહાપુરાણ કથા યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજવામાં આવશે. શિવકથામાં જ્યોતિલીંગના દર્શન પણ થઈ શકશે. શહેરના ભાવિ ભક્તોને કથાનો લાભ લેવા શિવકથા સમિતિના અશ્વિનભાઈ પંડ્યાએ જણાવ્યું છે.

# આજથી દસ દિવસનો અભિનય અને નૃત્યકળાનો વર્કશોપ યોજાશે

## સંસ્થાના બ્રાન્ડ એમ્બેસેડર અને ગુજરાતી ફિલ્મોના દિગ્ગજ અભિનેતા ફિરોજ ઈરાની અને દિગ્દર્શક હિતુ પટેલ ઉપસ્થિત રહેશે : સમાપન સમારોહમાં ‘ઝલક દિખલા જા’ની ફેઈમ સુશાંત પુજારી હાજરી આપશે

ગાંધીનગરના એરપોર્ટ રોડ પરના ભાટ ગામે ઈન્દિરાબ્રીજ પાસે આવેલ અમદાવાદ પબ્લિક સ્કૂલમાં તા. ૮મી મે થી તા. ૧૭મી મે સુધી દસ દિવસનો અભિનય અને નૃત્યકલા શિખવવાનો વર્કશોપ યોજવામાં આવ્યો છે. આ વર્કશોપનું ઉદ્ઘાટન ગુજરાતી ફિલ્મના દિગ્ગજ કલાકાર ફિરોઝ ઈરાની કરશે તેમજ સમાપન પ્રસંગે ‘ઝલક દિખલા જા’ફેઈમ અને ફિલ્મ એબીસીડીમાં રેમો ડીસુઝાના આસીસ્ટન્ટ રહી ચુકેલા જાણીતા કોરિયોગ્રાફર સુશાંત પુજારી પણ ઉપસ્થિત રહેશે. ઉદ્ઘાટન સમારોહ તા. ૮મી મે એ સાંજે ૬.૩૦ વાગે અમદાવાદ પબ્લિક સ્કૂલ ખાતે યોજાશે. જેમાં ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક હિતુ પટેલ પણ યુવાનોને પ્રેરણા આપવા ઉપસ્થિત રહેશે. યુવાનોને અભિનય કળા અને નૃત્યકળા ક્ષેત્રે વિકસાવી ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કેરિયર બનાવવાની તક મળી રહે તે માટે પ્રયત્નશીલ અમદાવાદની સંસ્થા ‘આવોફિ’ દ્વારા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં દસ દિવસ દરમ્યાન દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના હાર્દિક શાહ અભિનયના પાઠ ભણાવશે જ્યારે મુંબઈના વિખ્યાત કોરિયોગ્રાફર અમિત બૈંગ યુવાનોને ડાન્સીંગના સ્ટેટસ શીખવશે. અમિત બૈંગ મુંબઈમાં પોતાની ડાન્સીંગ સ્કૂલ ચલાવે છે અને અનેક ફિલ્મોમાં કોરિયોગ્રાફી કરી ચૂક્યા છે. દસ દિવસના આ વર્કશોપમાં એક્ટિંગમાં બોડી એક્સ્પ્રેશન, બેઝીક ઓફ એકટિંગ, ઈમેઝીનેશન અને ઓબ્ઝર્વેશન ટેકનીકલ વગેરે શીખવવામાં આવશે જ્યારે ડાન્સની તાલીમમાં બોલીવુડ રૂટીન, હાઉસરૂટીન, ઓલ્ડ સ્કૂલ હિપ-હોપ, ઈન્ડીયન ડાન્સ અને સ્ટાઈલ ઈમ્પ્રુવમેન પર ધ્યાન આપવામાં આવશે.







## જીટીયુ દ્વારા એલ.ડી.આર.પી. અને આઈ.ટી.આર. કોલેજનો એન.એસ.એ. એવોર્ડ એનાયત

જીટીયુનો દ્વિતીય એવોર્ડ સમારોહ ગઈ ૩જીમે ના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. સમારોહમાં વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં સ્પોટર્સ, એન.એસ.એસ. અને એન.સી.સી. ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવેળ કોલેજો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં એલડીઆરપી, આઈટીઆર, કોલેજને બેસ્ટ એનએસએસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ એલડીઆરપી કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર નોરીન વૈષને બેસ્ટ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને કોલેજની વિદ્યાર્થીની રિધ્ધિ નાયકને બેસ્ટ વોલેન્ટીયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે એનએસએસ હેડ શ્રી કમલકર, જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. અક્ષય અગ્રવાલ, રજીસ્ટ્રાર ડૉ. જી.પી. વડોદરીયા, પ્રિન્સીપાલ ડૉ. ગાર્ગી રાજપરા સહિત અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૧ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કહી હે મેરા પ્યાર : ૧૦.૦૦, ૭.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
પુરાની જીન્સ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૬.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૪૫
કયા દિલ્હી કયા લાહોર : ૮.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

### સિને મેકસ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડર મેન-૨ ૩ડી(હિન્દી) : ૧૦.૦૦,૧.૦૦,૪.૧૦,૭.૨૦,૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ૩ડી (હિન્દી) : ૯.૦૦,૧૨.૦૦,૩.૧૦,૬.૨૦,૯.૩૦
: સ્ક્રીન-૩ :
પુરાના જીન્સ: ૯.૦૦, ૨.૪૫, ૮.૩૦
સ્પાઈડરમેન-૨ ૨ડી (હિન્દી) : ૧૧.૪૫, ૫.૩૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### આર વર્લ્ડ (અડાલજ)

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પુરાની જીન્સ : ૧૧.૦૦, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૨.૦૦, ૭.૩૦
૨ સ્ટેટ્સ : ૪.૧૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
કહી હે મેરા પ્યાર : ૧૦.૦૦, ૪.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦
૨ સ્ટેટ્સ : ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

**વૃષભ** : નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહી શકે છે. કર્મક્ષેત્રે કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**સિંહ** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**કન્યા** : માન-સન્માનનો યોગ બનશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું.

**વૃશ્ચિક** : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

**ધન** : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યો પણ ઉકેલ આવશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે.

**કુંભ** : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.

**મીન** : શત્રુ તમારી છબીને ધૂમિલ કરવાનો પ્રયત્ન કરી શકે છે, જેથી સાવચેત રહેવું. ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

## ચિરવિદાય